પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૭૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૩-૧૧-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## આસામ-મેઘાલય સરહદ પર હિંસા, ફાયરિંગમાં છ લોકોના મોત, ૭ જિલ્લામાં ઈન્ટરનેટ બંધ

ગોવાહાટી,

આસામ-મેઘાલય સરહદ પર મંગળવાર (૨૨ નવેમ્બર) એ સવારે ફાયરિંગની ઘટના બાદ ભડકેલી હિંસામાં છ લોકોના મોત થયા છે. પોલીસે યુવતીની તસ્કરી રહેલા એક ટ્રકને રોક્યો હતો, ત્યારબાદ ઘર્ષણ થયું અને એક ફોરેસ્ટ ગાર્ડ સહિત છ લોકોના મોત થયા છે. આ ઘટના બાદ મેઘાલય સરકારે આગામી ૪૮ કલાક માટે ૭ જિલ્લામાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી છે.

મેઘાલયના વેસ્ટ જૈંતિયા હિલ્સ, ઈસ્ટ જૈંતિયા હિલ્સ, ઈસ્ટ ખાસી હિલ્સ, રી-ભોઈ, ઈસ્ટર્ન વેસ્ટ ખાસી હિલ્સ, વેસ્ટ ખાસી હિલ્સ અને સાઉથ વેસ્ટ ખાસી હિલ્સમાં ઈન્ટરનેટ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમાએ કહ્યુ કે ઘટનામાં મેઘાલયના પાંચ અને આસામના એક વન રક્ષક સહિત કુલ છ લોકોના મોત થયા છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે.

કોનરાગ સંગમા એ કહ્યુ કે મેઘાલય પોલીસ તરફથી એફઆઈઆર નોંધી તપાસ કરવામાં આવી. તેમણે કહ્યું કે ઘટનાની મેજિસ્ટ્રિયલ તપાસ શરૂ કરવામાં આવશે. મેં આ ઘટના પર આસામના મુખ્યમંત્રી સાથે વાત કરી અને તેમણે સહયોગનું આશ્વાસન આપ્યું છે. વેસ્ટ કાર્બી આંગલોંગના પોલીસ અધીક્ષક ઈમાદાદ અલીએ 'પીટીઆઈ-ભાષા'ને



જણાવ્યું કે ટ્રકને મેઘાલય સરહદ પર આસામ વન વિભાગના એક દળે વહેલી સવારે ત્રણ કલાક આસપાસ રોક્યા હતા.

તેમણે જણાવ્યું કે ટ્રક ન રોકાતા વન વિભાગના કર્મીઓએ તેના પર ગોળીઓ ચલાવી અને તેનું ટાયર પંચર કરી લીધુ. ચાલક, તેનો એક સહાયક અને એક અન્ય વ્યક્તિને ઝડપી લેવામાં આવ્યા, જ્યારે એક વ્યક્તિ ત્યાંથી ભાગી ગયો હતો. અલીએ જણાવ્યું કે વન વિભાગના કર્મીઓએ ઘટનાની જાણકારી જિરિકેન્ડિંગ પોલીસ સ્ટેશનના અધિકારીઓને આપી હતી. ત્યારબાદ પોલીસ સ્થળ પર પહોંચી હતી.

તેમણે જણાવ્યું કે ત્યારબાદ સ્થળ પર ભીડ ભેગી થઈ ગઈ અને ધરપકડ કરાયેલા લોકોને છોડવાની માંગ થવા લાગી. ટોળાએ વિન વિભાગના કર્મીઓ અને પોલીસને ઘેરી લીધા ત્યારબાદ સ્થિતિને નિયંત્રણ કરવા માટે અધિકારીઓએ ગોળીઓ ચલાવવી પડી. અધિકારીઓએ કહ્યું કે ઘટનામાં વન વિભાગના એક હોમ ગાર્ડનું મોત થઈ ગયું છે. સ્થિતિ હવે નિયંત્રણમાં છે. વન કર્મી વિદ્યાસિંગ લેખટેનું મોત થયું, તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી.

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા અને મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમા વચ્ચે માર્ચમાં એક સમજુતી પર હસ્તાક્ષર થયાના કેટલાક મહિના બાદ આ હિંસા થઈ છે. ત્યારે બંને મુખ્યમંત્રીઓએ બંને રાજ્યો વચ્ચે ૮૮૪.૯ કિમી લાંબી સરહદની સાથે ૧૨ વિવાદિત ક્ષેત્રોમાંથી છમાં પાંચ દાયકા જૂના વિવાદને હલ કરવા માટે એક સમજુતી પર હસ્તાક્ષર કર્યા હતા.

પશ્ચિમ કાર્બી આંગલોંગના પોલીસ અધિક્ષક ઈમદાદ અલીએ જણાવ્યું હતું કે આસામ વન વિભાગની ટીમે સવારે ૩ વાગ્યાની આસપાસ મેઘાલય સરહદે ટ્રકને અટકાવી હતી. તેમણે જણાવ્યું કે જ્યારે ટ્રક ન રોકાઈ તો વન વિભાગના કર્મચારીઓએ તેના પર ગોળીબાર કર્યો અને તેનું ટાયર પંચર કરી દીધું. તેમણે જણાવ્યું કે ડ્રાઈવર, તેનો એક મદદગાર અને અન્ય એક વ્યક્તિ ઝડપાઈ ગયો, જ્યારે અન્ય એક વ્યક્તિ ત્યાંથી ભાગી ગયો.

અલીએ જણાવ્યું કે વન વિભાગના કર્મચારીઓએ જીરિકેન્ડિંગ પોલીસ સ્ટેશનના અધિકારીઓને ઘટના અંગે જાણ કરી. આ પછી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. તેમણે જણાવ્યું કે આ પછી સ્થળ પર ભીડ એકઠી થઈ ગઈ અને ધરપકડ કરાયેલા લોકોને મુક્ત કરવાની માંગ કરવા લાગી. ટોળાએ વન વિભાગના કર્મચારીઓ અને પોલીસને ઘેરી લીધા હતા, ત્યારબાદ અધિકારીઓએ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ગોળીબાર કરવો પડ્યો હતો. અધિકારીએ કહ્યું, 'આ ઘટનામાં વન વિભાગના એક હોમગાર્ડ અને ખાસી સમુદાયના ત્રણ લોકો માર્યા ગયા હતા. સ્થિતિ હવે નિયંત્રણમાં છે. વનકર્મી વિદ્યાસિંહ લેખેનું મૃત્યુ કેવી રીતે થયું તે હજુ સ્પષ્ટ થયું નથી. અલીએ જણાવ્યું કે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી રહ્યા છે.

હાલમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે અને પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે.આ ઘટનાને લઈ પોલીસે કેટલાક લોકોની ધરપકડ કરી છે અને હાલમાં તેમની પુછપરછ કરાઈ રહી છે.પોલીસે જણાવ્યું હતું કે આ ઘટનામાં સંડોવાયેલા લોકોની તાકિદે અટકાયત કરવામાં આવશે હાલમાં સ્થિતિ નિયંત્રણમાં છે.

### ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં કુલ ૧૮૨ બેઠકો માટે

## ૧૬૨૧ ઉમેદવારો મેદાનમાં, પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો પર કુલ ૭૮૮ ઉમેદવારો બીજા તબક્કામાં ૯૩ બેઠકો પર કુલ ૮૩૩ ઉમેદવારો

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે દરેક રાજકીય પાર્ટી ગુજરાતની 'ગાદી' જીતવા પ્રચાર અને પ્રસાર થકી મતદારોની નજીક પહોંચી રહ્યા છે. આ બધાની વચ્ચે ગુજરાત વિધાનસભા ચૂંટણીના બંને તબક્કાના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. જેમાં પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો પર કુલ ૭૮૮ ઉમેદવારો નોંધાયા છે, જ્યારે બીજા તબક્કામાં ૯૩ બેઠકો પર કુલ ૮૩૩ ઉમેદવારો નોંધાયા છે.

૨૧ નવેમ્બરે બીજા તબક્કાના ઉમેદવારોએ ફોર્મ પાછુ ખેંચવાની અંતિમ તારીખ હતી. જેમાં બીજા તબક્કામાં ૪૦૦થી વધુ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચ્યા છે. જેથી બંને તબક્કાની ૧૮૨ બેઠકો માટે કુલ ૧૬૨૧ ઉમેદવારો હાલ મદાનમાં છે તેમ કહી શકાય.મહત્વનું છે કે, ૧ ડિસેમ્બરે પ્રથમ અને ૫ ડિસેમ્બરે બીજા તબક્કાનું મતદાન થવાનું છે.

વિધાનસભાના ચૂંટણી સંગ્રામમાં બરાબરની લડાઈ જામી છે. ચૂંટણીમાં આ વખતે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ જોવા મળશે. એક તરફ ભાજપે પ્રચારમાં કેન્દ્રીય નેતાઓની ફોજ ઉતારી છે, તો બીજી તરફ કોંગ્રેસ અને આપના ટોચના નેતાઓ મતદારોને રીઝવવા પ્રયાસ કરી રહ્યા છે.

ચૂંટણીના રણમેદાનમાં એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તો બીજી તરફ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પ્રચારમાં ઉતર્યા છે. દક્ષિણ ગુજરાતના રણમેદાનમાં આદિવાસીઓની સમસ્યાઓને લઈને રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદી વચ્ચે વાકયુદ્ધ છેડાયું હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે, છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતમાં આદિવાસીઓના વિકાસ માટે ખુબ કામગીરી થઈ. જેની સામે રાહુલ ગાંધી કહ્યું કે, ભાજપની નજર આદિવાસીઓના જંગલ અને જમીન પર છે.

### સત્યેન્દ્ર જૈનના જેલમાં મસાજકાંડ પર ખુલાસો

## ફિઝિયોથેરાપિસ્ટ નહીં પરંતુ બળાત્કારનો આરોપી માલિશ કરી રહ્યો હતો

નવીદિલ્હી,

દિલ્હીની તિહાર જેલમાં બંધ આમ આદમી પાર્ટી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈનના મસાજ કેસમાં મોટા સમાચાર સામે આવી રહ્યા છે. તિહાર જેલના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, સત્યેન્દ્ર જૈનને મસાજ કરનાર કેદી રિંકુ પર બળાત્કારનો આરોપ છે. તે બળાત્કારના કેસમાં તિહાર જેલમાં બંધ છે. રિંકુ પર પોક્સો એક્ટની કલમ ૬ અને આઈપીસીની કલમ ૩૭૬, ૫૦૬ અને ૫૦૯ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. જણાવવું રહ્યુ કે રિંકુ ફિઝિયોથેરાપિસ્ટ નથી.

તમને જણાવી દઈએ કે, ગત દિવસોમાં તિહાર જેલમાં મંત્રી સત્યેન્દ્ર જૈનનો મસાજ કરવાનો એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં જોવામાં આવ્યું હતું કે એક વ્યક્તિ સત્યેન્દ્ર



જૈનના બંને પગ, પીઠ અને માથાની મસાજ કરી રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા બાદ ભાજપે આમ આદમી પાર્ટી પર જોરદાર નિશાન સાધ્યું છે.

બીજી તરફ જ્યારે સત્યેન્દ્ર જૈનનો મસાજનો વીડિયો વાયરલ થયો ત્યારે આમ આદમી પાર્ટીએ તેમનો બચાવ કરતા કહ્યું કે સત્યેન્દ્ર જૈનને કરોડરજ્જુની સમસ્યા છે. તેની બે વખત સર્જરી થઈ હતી. ડોક્ટરોએ સત્યેન્દ્ર જૈનને ફિઝિયોથેરાપી લેવાની સલાહ આપી હતી. આમ આદમી પાર્ટીએ વિડિયો લીક અંગે કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવા બદલ રાઉઝ એવન્યુ કોર્ટમાં ઈડીને ફરિયાદ કરી હતી. કોર્ટની નોટિસ પર ઈડીને જવાબ આપવાનો છે.

બીજી તરફ બીજેપી પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ ટ્વીટ કર્યું કે, "બળાત્કારનો આરોપી રિંકુ સત્યેન્દ્ર જૈનને મસાજ આપતો હતો. રિંકુ પોસ્કો અને આઈપીસી કલમ ૩૭૬ હેઠળ આરોપી છે, તેથી તે ફિઝિયોથેરાપિસ્ટ નહીં પણ સત્યેન્દ્ર જૈનને મસાજ કરનાર રેપિસ્ટ હતો! ચોંકાવનારો ઘટસ્ફોટ. કેજરીવાલે જવાબ આપવો જોઈએ કે તેણે શા માટે તેનો બચાવ કર્યો અને ફિઝિયોથેરાપિસ્ટનું અપમાન કર્યું?

તમને જણાવી દઈએ કે, ઈડીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી કે સત્યેન્દ્ર જૈનને જેલની અંદર વીઆઈપી ટ્રીટમેન્ટ આપવામાં આવી રહી છે. એટલું જ નહીં સત્યેન્દ્ર જૈન જેલ અધિકારીઓની મિલીભગતથી તમામ પ્રકારની સુવિધાઓનો લાભ લઈ રહ્યો છે.

## રાષ્ટ્રપતિ ભવન ૧ ડિસેમ્બરથી અઠવાડિયામાં ૫ દિવસ સામાન્ય લોકો માટે ખુલ્લું મુકાશે

નવીદિલ્હી,

૧ ડિસેમ્બરથી, રાષ્ટ્રપતિ ભવન સામાન્ય લોકો માટે અઠવાડિયામાં પાંચ દિવસ ખુલ્લું રહેશે. સામાન્ય લોકો બુધવાર, ગુરુવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારે રાષ્ટ્રપતિની મુલાકાત માટે આવી શકે છે. લોકો માટે દરરોજ પાંચ સમય નક્કી કરવામાં આવ્યા છે, જેના પર લોકો રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લઈ શકશે. આ સમય સવારે ૧૦ થી ૧૧, સવારે ૧૧ થી ૧૨, બપોરે ૧૨ થી ૧ અને બપોરે ૨ થી ૩ નો રહેશે.

રાષ્ટ્રપતિ ભવન સિવાય લોકો રાષ્ટ્રપતિ ભવન મ્યુઝિયમ કોમ્પ્લેક્સની પણ મુલાકાત લઈ શકશે. દર શનિવારે રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં સવારે ૮ થી ૯ વાગ્યા સુધી લોકો ચેન્જ ઓફ ગાર્ડ સેરેમની પણ જોઈ શકશે. જે લોકો રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લેવા ઈચ્છે છે, તેઓ વેબસાઈટ પર તેમના સ્લોટ ઓનલાઈન બુક કરી શકે છે. જો કે ગેઝેટેડ રજાઓના દિવસે લોકો માટે આ સુવિધા બંધ રહેશે.


રાષ્ટ્રપતિ ભવનના ત્રણ ભાગ છે, જ્યાં સામાન્ય માણસને જવાની છૂટ છે. એક રાષ્ટ્રપતિ ભવનની પ્રથમ સર્કિટ છે, જેમાં મુલાકાતીઓને રાષ્ટ્રપતિ ભવન, અશોકા હોલ, દરબાર હોલ, પુસ્તકાલય, ડ્રોઈંગ રૂમ, ઈનોવેશન વગેરેની મુખ્ય ઈમારત બતાવવામાં આવે છે. બીજા સર્કિટમાં મ્યુઝિયમનો એક ભાગ છે. આમાં તમને રાષ્ટ્રપતિ ભવનનું મ્યુઝિયમ બતાવવામાં આવ્યું છે.

ત્રીજી સર્કિટ ગાર્ડન્સની છે, જેમાં મુગલ ગાર્ડન્સ વગેરેનો સમાવેશ થાય છે. જેમાં રાષ્ટ્રપતિ ભવનના બગીચા બતાવવામાં આવ્યા છે. બિલ્ડિંગમાં પ્રવેશ નથી. આ ઉપરાંત, આ વિભાગ થોડા સમય માટે ખુલે છે અને તે ફેબ્રુઆરી-માર્ચમાં જ ખોલવામાં આવે છે. બીજી તરફ, સામાન્ય માણસોને રાષ્ટ્રપતિ ભવનમાં ગાર્ડ સેરેમની માટે એન્ટ્રી આપવામાં આવે છે અને તેનું બુકિંગ તે સમયે જ થાય છે.

## જાવા, સોલોમન બાદ ભારતના લદ્દાખ કારગીલમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ

શ્રીનગર,

કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં આજરોજ ભૂકંપના આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૩ માપવામાં આવી છે. આજે સવારે ૧૦:૦૫ વાગ્યે લદ્દાખના કારગીલથી ૧૯૧ કિમી ઉત્તરમાં ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ આ અંગે માહિતી આપી છે. જો કે આમાં કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ લદ્દાખમાં ભૂકંપ માટે એલર્ટ મોકલ્યું હતું, અને જાહેરાત કરી હતી કે આંચકા ૪.૩ ની તીવ્રતાના હતા. સિસ્મોલોજી વિભાગના જણાવ્યા અનુસાર, ૨૨ નવેમ્બર, મંગળવારે સવારે લગભગ ૧૦.૫ વાગ્યે ભૂકંપના આંચકા નોંધાયા હતા. એજન્સીએ તેના ટ્વીટમાં લખ્યું,



ભૂકંપની તીવ્રતાઃ ૪.૩, ૨૨-૧૧-૨૦૨૨, ૧૦:૦૫:૫૨ IST, અક્ષાંશઃ ૩૬.૨૭ અને રેખાંશઃ ૭૬.૨૬, ઊંડાઈઃ ૧૦ કિમી, સ્થાનઃ ૧૯૧ કિમી, લદ્દાખ હાલમાં જ સોલોમન ટાપુઓ પર ૭.૦ ની તીવ્રતાનો એક શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. અને ઈન્ડોનેશિયાના જાવામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેમાં અંદાજીત ૧૬૨ લોકો મૃત્યુ પામ્યા હોવાના અહેવાલ છે.

## સામાન્ય માણસ મોંઘવારી અને મંદીનો બેવડો માર સહન કરીને ઘર ચલાવી રહ્યાં છે

નવીદિલ્હી,

દેશમાં મોંઘવારીનો લોકો સામનો કરી રહ્યા છે અને મધ્યમ વર્ગની હાલત કફોડી બની છે, આર્થિક મંદીનો સામનો કરી રહેલા અર્થતંત્ર પર એક સરવેમાં ચોંકાવનારો ખુલાસો થયો છે,સામાન્ય માણસ મોંઘવારી અને મંદીનો બેવડો માર સહન કરીને ઘર ચલાવી રહ્યાં છે.

આ સર્વે પ્રમાણે ૫૧.૫ % લોકોએ કહ્યું કે,ચાર લોકોના એક પરિવારે સામાન્ય જીવન જીવવા માટે દર મહિને રૂ. ૨૦ હજારથી વધુ રૂપિયાની જરૂર પડે છે. આ ઉપરાંત ૨૩.૬ % લોકોએ કહ્યું કે , ચાર વ્યક્તિના એક પરિવારનું ગુજરાન ચલાવવા દર મહિને રૂ .૨૦ થી ૩૦ હજારની માસિક આવક જરૂરી છે . ૭૫.૮ % ભારતીયોએ માન્યું કે,હાલ દેશનો આર્થિક માહોલ નકારાત્મક છે, જ્યારે ૨૦૧૩ માં ૭૨ % એ માન્યું હતું કે, દેશમાં વિકાસનો માહોલ નકારાત્મક કે નિરાશાજનક છે . ૨૮,૭ % લોકોએ કહ્યુ કે, ૨૦૧૯ થી જ અમારી માસિક આવક ઘટી ગઈ છે, પગાર ઓછા છે અને જીવનજરૂરી ચીજો મોંઘી થવાથી માસિક ખર્ચ વધી ગયો. ૪૪ % લોકોએ કહ્યુ કે, અમારી માસિક આવક ત્યાંની ત્યાં છે, પરંતુ માસિક ખર્ચ સતત વધ્યો છે.

ચારથી પાંચ જણા એક સાથે રહેતા હોય અને એક વ્યક્તિ નોકરી કરતો હોય એવી સ્થિતિમાં જીવનનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે કારણ કે મોંઘું શિક્ષણ, વાન ભાડું,મકાન ભાડું,ટ્યુશન ખર્ચ અને કરિયાણુ, ગેસનો બાટલો લાવવું મુશ્કેલ બન્યું છે તેમાંય બે મહિને આવતું લાઈટ બિલ ભરવામાં ફાંફાં પડી રહયા છે. એક તરફ ખાનગી નોકરીમાં માસિક પગાર વધતા નથી અને મોંઘવારી વધતી રહે છે પરિણામે લોકોના બજેટ ખોરવાઈ ગયા છે.

## રાજ્યમાં ઠંડીનું જોર વધ્યું, લઘુત્તમ તાપમાનનો પારો ૨થી ૩ ડિગ્રી ગગડ્યો

અમદાવાદ,

રાજ્યમાં ઠંડીનું જોર વધ્યુ છે. જેમાં લઘુત્તમ તાપમાનનો પારો ૨થી ૩ ડિગ્રી ગગડ્યો છે. તથા મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૨૦થી નીચે છે. તેમજ અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૭.૪ ડિગ્રી નોંધાયું છે.

ઉલ્લેખનીય છે કે રાજકોટમાં ૧૮ ડિગ્રી, ભાવનગરમાં ૨૦.૫ ડિગ્રી નોંધાયું છે. જેમાં જામનગર ૧૭ ડિગ્રી સાથે ઠંડુગાર બન્યું છે. તેમાં રાજ્યમાં ઉત્તર પૂર્વના પવનો ફૂંકાયા છે. જેમાં મોડી રાતથી લઘુતમ તાપમાનનો પારો ૨થી ૩ ડિગ્રી ગગડ્યો છે. મોટાભાગના વિસ્તારોમાં લઘુતમ તાપમાન ૨૦થી નીચું નોંધાયું છે.

ભાવનગરમા ચોમાસાની સત્તાવાર વિદાય બાદ હજુ શિયાળાની જોઈએ એવી જમાવટ થઈ નથી. છેલ્લા બે દિવસથી લઘુતમ તાપમાનનો પારો ૧૬.૬ ડિગ્રીએ સ્થિર રહેતા રાત્રિના



ઠંડીનો ચમકારો અનુભવવા મળ્યો હતો. બીજી તરફ મહત્તમ તાપમાન ૩૦.૪ ડિગ્રી સ્થિર રહેતા દિવસે હજુ ધીમીગતિએ પંખા શરૂ રાખવા પડે છે. શિયાળાની શરૂઆત બાદ હજુ ડબલ ઋતુ અનુભવવા મળે છે. દિવસે ગરમીનો અહેસાસ થાય છે. જ્યારે રાત્રે ધીમીગતિએ ઠંડી જામતી જાય છે. હવામાન સુત્રો મુજબ આજે ભેજનુ પ્રમાણ ૩૪ ટકા અને પવનની ઝડપ ૧૨ કિ.મી.પ્રતિકલાક રહેવા પામી હતી. લોકોએ ગરમ વસ્ત્રોમા લપેટાઈ રહેવુ પડે એવો માહોલ હજુ જોવા મળ્યો નથી.

## ભારત જેવા યુવા દેશમાં આપણા કરોડો યુવાનો આ દેશની સૌથી મોટી તાકાત છે : વડાપ્રધાન

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રોજગાર મેળામાં કહ્યું કે આજનો રોજગાર મેળો દર્શાવે છે કે સરકાર સરકારી નોકરીઓ આપવા માટે કેવી રીતે મિશન મોડમાં કામ કરી રહી છે. તેમણે કહ્યું કે રોજગાર મેળા સાથે જોડાયેલા તમામ યુવાનોને અભિનંદન. આજે ૭૧ હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્ર આપવામાં આવી રહ્યા છે. ગયા મહિને આ દિવસે જ ધનતેરસના દિવસે ૭૫ હજાર નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે કેન્દ્ર સરકાર સરકારી નોકરીઓમાં રોજગાર આપવા માટે મિશન મોડ પર કામ કરી રહી છે.

આ પ્રસંગે પીએમએ કહ્યું કે, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યો સહિત ભાજપ શાસિત ઘણા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ પણ સમાન પ્રયાસો કર્યા છે. તેમણે કહ્યું કે, ૨૮ નવેમ્બરે ગોવા અને ત્રિપુરામાં આ જ રીતે જોબ ફેરનું આયોજન કરવામાં આવશે. ડબલ એન્જિન સરકાર હોવાનો આ ફાયદો છે. પીએમે કહ્યું કે દેશ અમૃતકાળમાં



પ્રવેશી ચૂક્યો છે, અમે ભારતનો વિકાસ કરવાની પ્રતિજ્ઞા લીધી છે, આ વ્રતમાં તમે બધા સારથિ બનવાના છો. પસંદ કરાયેલા તમામ યુવાનો માટે 'કર્મયોગી પ્રારંભ' નામનો વિશેષ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવી રહ્યો છે.

લોકોને સંબોધતા પીએમએ કહ્યું કે ભારત વિશ્વનું મેન્યુફેક્ચરિંગ હબ બનવા જઈ રહ્યું છે. અમારી સરકારે અવકાશ ક્ષેત્ર દ્વારા મોટી સંખ્યામાં નોકરીઓનું સર્જન કરવાની તક પણ આપી છે, જેમાં ડ્રોન દ્વારા રોજગારનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે દેશના યુવાનોને નવી તકોનો ભરપૂર લાભ લેવા વિનંતી છે. પીએમએ કહ્યું કે ભારત જેવા યુવા દેશમાં આપણા કરોડો યુવાનો આ દેશની સૌથી મોટી તાકાત છે. આપણા યુવાનોની પ્રતિભા અને ઉર્જાનો રાષ્ટ્ર નિર્માણમાં ઉપયોગ થવો જોઈએ, આ કેન્દ્ર સરકારની સૌથી મોટી પ્રાથમિકતા છે.

પીએમે કહ્યું કે હું દરેક પાસેથી શીખું છું, મેં મારા આંતરિક વિદ્યાર્થીને ક્યારેય મરવા નથી દીધો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે સરકારે 'કર્મયોગી ભારત' નામનું એક ટેકનોલોજી પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે.તેમણે કહ્યું કે આ પ્લેટફોર્મમાં ઓનલાઈન કોર્સ ઘણી રીતે ઉપલબ્ધ છે. તેમણે યુવાનોને કહ્યું કે તેઓએ આ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ ઓનલાઈન અભ્યાસક્રમોનો લાભ લેવો જ જોઈએ. આનાથી કૌશલ્ય તો વધશે જ પરંતુ ભવિષ્યની કારકિર્દીમાં પણ ઘણો ફાયદો થશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે ભારત સેવા નિકાસના સંદર્ભમાં વિશ્વની એક મોટી શક્તિ બની ગયું છે. નિષ્ણાતોને વિશ્વાસ છે કે ટૂંક સમયમાં ભારત મેન્યુફેક્ચરિંગ હબ બની જશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'રોજગાર મેળા' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ જોબ ફેરમાં તમામ નવી ભરતીઓ માટે કર્મયોગી પ્રરંભ મોડ્યુલ - ઓનલાઈન ઓરિએન્ટેશન કોર્સ શરૂ કર્યો. વડાપ્રધાન મોદીએ રોજગાર મેળામાં ૭૧,૦૫૬ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું. વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ દોઢ વર્ષમાં મિશન મોડમાં ભરવાનો કેન્દ્ર સરકારનો પ્રયાસ છે. રોજગાર મેળામાં આયોજિત કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીએ પોતાનું સંબોધન પણ આપ્યું હતું. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે રોજગાર મેળા દ્વારા દેશના યુવાનોને નિમણૂક પત્ર આપવાનું આ અભિયાન આ રીતે જ ચાલુ રહેશે. ભારત જેવા યુવા દેશમાં આપણા કરોડો યુવાનો આ દેશની સૌથી મોટી તાકાત છે. કેન્દ્ર સરકાર તેના યુવાનોની પ્રતિભા અને ઊર્જાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે, જેનો રાષ્ટ્ર નિર્માણમાં મહત્તમ ઉપયોગ થવો જોઈએ.

પીએમ મોદીએ કહ્યું કે આજનો વિશાળ જોબ ફેર દર્શાવે છે કે સરકાર સરકારી નોકરીઓ આપવા માટે કેવી રીતે મિશન મોડમાં કામ કરી રહી છે. ભારત આજે સેવા નિકાસના સંદર્ભમાં વિશ્વની એક મોટી શક્તિ બની ગયું છે. હવે નિષ્ણાતો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે કે ભારત પણ વિશ્વનું મેન્યુફેક્ચરિંગ પાવર હાઉસ બનશે.

પીએમ મોદીએ કહ્યું કે દેશની મહત્તમ યુવા શક્તિનો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણમાં થવો જોઈએ, આ અમારી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. નિષ્ણાતો જણાવી રહ્યા છે કે ભારત પાસે તેની ક્ષમતા બતાવવાની સુવર્ણ તક છે અને એવી અપેક્ષા છે કે ભારત ઉત્પાદન ક્ષેત્રે પણ ટોચનું સ્થાન મેળવશે.

પીએમ મોદીએ કહ્યું કે સરકારી અને બિનસરકારી ક્ષેત્રમાં નોકરીઓની અપાર સંભાવનાઓ ઉભી કરવામાં આવી રહી છે અને આ તકો યુવાનો માટે તેમના પોતાના ગામો અને શહેરોમાં ઉભી કરવામાં આવી રહી છે. અમારા ૮૦,૦૦૦ થી વધુ સ્ટાર્ટ-અપ યુવાનોને તેમની પ્રતિભા દર્શાવવાની તકો આપી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે આજે જે લોકો પોતાનો બિઝનેસ કરવા માંગે છે તેમને મુદ્રા લોનથી મોટી મદદ મળી રહી છે અને અત્યાર સુધીમાં ૩૫ કરોડથી વધુની લોન આપવામાં આવી છે. જૂનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રના તમામ મંત્રાલયો અને વિભાગોને આ દિશામાં કામ કરવાનો નિર્દેશ આપ્યો હતો. દિવાળી નિમિત્તે આયોજિત રોજગાર મેળામાં દેશભરમાંથી પસંદગી પામેલા યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. તેમાં ગ્રુપ-એ, ગ્રુપ-બી (રાજપત્રિત), ગ્રુપ-બી (નોન-ગેઝેટેડ) અને ગ્રુપ-સીની નિમણૂંકો તેમજ કેન્દ્રીય સશસ્ત્ર દળો, સબ-ઈન્સ્પેક્ટર, કોન્સ્ટેબલ, જુનિયર કલાર્ક (એલડીસી), સ્ટેનો, પીએ, આવકનો સમાવેશ થાય છે. ટેક્સ ઈન્સ્પેક્ટર, રેલવે એમટીએસ જેવી પોસ્ટ્સ પદો નો સમાવેશ થાય છે.

# સંતરામપુર ખાતે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જાહેરસભાને સંબોધી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુરમાં મુખ્યમંત્રીની સભામાં તમામ કાર્યકર્તાઓ બધા એક મંચ પર સંતરામપુર કડાણા નો દાખલા નો પ્રશ્ન જે ગેરસમજ થયેલી હતી. મુખ્યમંત્રીની હાજરીમાં કડાણાના વાઘાભાઈ ડામોર સાથે વાતચીત કરીને નિરાકરણ લાવવામાં આવેલું હતું અને જણાવવામાં આવેલું કે, દાખલા તો આપવામાં જ આવે છે પરંતુ તેની વેરિફિકેશન માટેની આખા ગુજરાતમાં દરેક જગ્યાએ બાબતની સમિતિ રચેલી છે. હાલમાં પણ કડાણા તાલુકામાં દાખલા આપવામાં આવી રહેલા છીએ આ સાથે ૧૩૩ વિધાનસભામાં ઉમેદવાર કુબેરભાઈ ડીંડોર, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, વાઘાભાઈ ડામોર, જિલ્લા પંચાયતના બાંધકામ સંવેદના ચેરમેન પ્રકાશભાઈ કટારા તમામ સમર્થન આપીને એક સાથે એક મંચ પર સંતરામપુરની ૧૨૩ વિધાનસભાની બહુમતીથી જીતાડવા માટેનો અનુરોધ કરવામાં આવેલો હતો.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતની જનતાને રાજય સરકારે કરેલા કામોનો હિસાબ આપવા રાજયના મંત્રીઓ અને કેન્દ્રના નેતાઓ જાહેરસભા કરી રહ્યા છે. ત્યારે સંતરામપુર ખાતે રાજયના વર્તમાન અને ભાવિ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જાહેરસભાને સંબોધન કર્યુ હતું. જાહેરસભામાં મહિસાગર જિલ્લાના પ્રમુખ દશરથભાઈ બારીયાએ પ્રસાંગીક સંબોધન કર્યુ હતું.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સભાને સંબોધન કરતા જણાવ્યું કે, ભાજપ એ પ્રજાના કાર્ય કરતી પાર્ટી છે. ભાજપ પ્રજાના પ્રશ્નને વાંચા આપનારી અને નિરાકરણ કરનારી પાર્ટી છે. ગુજરાતની જનતાએ ભાજપનું કામ જોયુ છે. ભાજપના કામથી સંતુષ્ટ છે અને એટલ જ ભાજપ સાથે રહે છે. આજે સરકાર જે યોજના જાહેર કરે તે છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો અવિરત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આજે આદિવાસી સમાજના દીકરાઓ ભણી ગણીને આગળ આવ્યા છે. શાળામાં ડ્રોપ આઉટ રેશિયો ઘટી ગયો છે. તેની પાછળનું કારણ આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે કરેલી મહેનતનું પરિણામ છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં ભાજપ સરકારે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા શરૂ કરી અને દર્દીઓને ઝડપથી સારવાર મળી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજય અને દેશમાં વિકાસની રાજનીતી પ્રસ્થાપિત કરી. ગુજરાતમાં આજે દરેક ક્ષેત્રે વિકાસ થયો છે. થોડા દિવસ અગાઉ રાષ્ટ્રપતી દ્રોપદી મુર્મુજીના હસ્તે રાજપીપળા ખાતે રૂ.૫૩૦ કરોડ ના ખર્ચે નવી કોલેજનું ખાતમુહૂર્ત કર્યુ છે. આજે આદિવાસી વિસ્તારમાં મેડિકલ કોલેજ પણ બનાવવામાં આવી છે. ગુજરાતમાં બે દાયકા પહેલા રમખાણો થતા દંગા થતા આજે ગુજરાતને શાંતીવાળુ રાજય બનાવ્યું છે. આ ચૂંટણીમાં વધુ મતદાન ભાજપ તરફ કરી જિલ્લાની દરેક બેઠક પર ઉમેદવારોને ઐતિહાસીક મતોથી વિજય બનવવા હાંકલ કરી.

રાજયસભાના સાંસદ અને રાજસ્થાનના વતની કરોડીમલ મીનાએ સંબોધન કરતા જણાવ્યું કે, સંતરામપુર વિધાનસભાના ઉમેદવાર ડો. કુબેરભાઈ ડિંડોરની બેઠકનો નંબર જ ૧૨૩ છે. જેમાં પહેલા નંબરે કુબેરભાઈ ડિંડોર રહશે જયારે બાકીના ત્રણ નંબરથી વિરોધી પાર્ટીઓના ઉમેદવાર રહેશે. ગુજરાતમાં ચૂંટણી સમયે દિલ્હીથી કેટલાક લોકો અંહી રેવડી વહેચવા આવ્યા છે તેમનું ગુજરાતમાં કશું નહી ચાલે. ભાજપ સરકારમાં ગુજરાતમાં ચારેય તરફ વિકાસ છે. ભુપેન્દ્રભાઈ પટેલમાં એક સંતની ઝાંખી દેખાય છે. આદિવાસી સમજના ઉત્થાન માટે પુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાયજી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કામ કર્યુ છે. આ ચૂંટણીમાં વિરોધી પાર્ટીના ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થાય તેટલુ જંગી મતદાન કરજો. ભાજપને મત આપી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો હાથ વધુ મજબૂત કરવાની વધુ એક તક આપ સૌને મળી છે. ભાજપના ઉમેદવારને જંગી મતો આપી કમળ ખીલવવા વિંનતી કરી. આ જાહેરસભામાં જિલ્લાના પ્રમુખ દશરથભાઈ બારીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ રમિલાબેન ડામોર, વિધાનસભાના ઈન્ચાર્જ, તાલુકા પંચાયતના પ્રમુખ શારદાબેન સહિત જિલ્લાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર ખાતે ઓબ્ઝર્વરઓ અને જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરનાં અધ્યક્ષસ્થાને નોડલ ઓફિસર્સઓ સાથે બેઠક યોજાઇ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા


મહીસાગર, વિધાનસભા સામાન્ય ચુંટણી૨૦૨૨ મુક્ત, ન્યાયી, નિષ્પક્ષ તેમજ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જે અન્વયે મહીસાગર જિલ્લાની ૦૩ વિધાનસભા સીટ પર તા.૫ ડિસેમ્બરે થનારા મતદાનની પૂર્વ તૈયારીના ભાગરૂપે ચૂંટણી પંચ દ્વારા મહીસાગર જિલ્લામાં નિયુક્ત કરાયેલા ઓબ્ઝર્વરઓ અને જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યાના અધ્યક્ષસ્થાને આજ રોજ કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા મહીસાગર જિલ્લામાં પોલીસ ઓબ્ઝર્વર તરીકે રોહિત મુલપાની, ખર્ચ ઓબ્ઝર્વર તરીકે ઓમ પ્રકાશ, જનરલ ઓબ્ઝર્વર સંજય ગુપ્તા અને જનરલ ઓબ્ઝર્વર રાજેન્દ્ર વિજય ઉપરાંત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ભાવિન પંડ્યા સહિત ચૂંટણીલક્ષી વિવિધ કામગીરીનાં નોડલ ઓફિસરઓ જેમ કે, મેનપાવર મેનેજમેન્ટ, ઈવીએમ-વીવીપેટ મેનેજમેન્ટ, ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ, ટ્રેનિંગ મેનેજમેન્ટ, મટીરીયલ મેનેજમેન્ટ, એમસીસી ઈમ્પ્લીમેન્ટેશન, એક્ષપેન્ડીચર મોનીટરિંગ, સ્વીપ, કાયદો અને વ્યવસ્થા, બેલેટ પેપર, મીડિયા મેનેજમેન્ટ, કોમ્પ્યુટરાઈઝેશન, ઓબ્ઝર્વર, હેલ્પલાઈન અને ફરિયાદ, કોમ્યુનિકેશન, સ્ટાફ વેલફેર, માઈગ્રેટરી વોટર્સ અને પીડબલ્યુડીના નોડલ અધિકારીઓ તથા જિલ્લા ચુંટણી વિભાગ તરફથી થયેલ તમામ કામગીરીનું પ્રેઝન્ટેશન નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી કુંજલ શાહ દ્વારા આપવામાં આવ્યું હતું.

ઓબ્ઝર્વરઓએ જિલ્લા ચૂંટણી અધિકારી પાસેથી મહીસાગર જિલ્લામાં પ્રક્રિયા અર્થે થયેલ કામગીરીની વિગતો. જેમાં ખાસ કરીને જિલ્લાની પ્રોફાઈલ, મતદારોની સંખ્યા, પોલિંગ સ્ટેશન, સ્ટ્રોંગ રૂમ, ચૂંટણી સંબંધિત કામગીરીઓના દૈનિક રિપોર્ટ વગેરે માહિતી મેળવી હતી.

વધુમાં પોસ્ટલ બેલેટથી કેટલા મતદારો મતદાન કરશે, મીડીયા મોનિટરીંગ રૂમ ખાતેની વ્યવસ્થા તેમજ મટીરીયલ મેનેજમેન્ટની બાબતો વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી. આ બેઠકમાં જિલ્લાના તમામ નોડલ ઓફિસર્સઓએ પોતાની કામગીરી બાબતે ઓબ્ઝર્વરઓને માહિતગાર કર્યાં હતાં.

## સંતરામપુર પાલિકા સામે પાણીની મુખ્ય લાઈન લીકેજ થતાં હજારો લીટર પાણીનો વેડફાટ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરના નગરપાલિકાની સામે મુખ્ય પાણીની પાઈપ લીકેજ હજારો લીટર પાણીનો વેડફાડ રહ્યું. સંતરામપુર નગરમાં નગરપાલિકાનો સામે મુખ્ય રસ્તા પર મુખ્ય પાણીની પાઈપલાઈન લીકેજ થતા હજારો લીટર પાણીનો બગાડ થઈ રહેલો જોવા મળી રહ્યો હતો. પાલિકાની સામે જ આશરે બે કલાક સુધી પાણી રોડ ઉપર ઉંચા ફુવારા મારીને રેલમછેલ થઈ રહ્યું હતું પરંતુ નગરપાલિકા તંત્રની ગોળ બેદરકારીના કારણે પાણીનો બગાડ ના થાય તે માટે મુખ્ય વાલ પણ બંધ કરવામાં આવેલો ન હતો. પાલિકાની સામે જ પાણીનો બગાડ થતો અટકાવવા તૈયાર નથી.

## પર્સન વીથ ડીસએબીલીટી નોડલ અધિકારીના અધ્યક્ષ સ્થાને સંતરામપુર ખાતે ''દિવ્યાંગ મતદાન જાગૃતિ'' કાર્યક્રમ યોજાયો



મહીસાગર, ''ચૂંટણી' એટલે લોકશાહીમાં પોતાની હિસ્સેદારી નોંધાવવાનો ''અવસર''. આ અવસરમાં સમાજનો દરેક વર્ગ પોતાની હિસ્સેદારી નોંધાવે તે માટે ચૂંટણી પંચ દ્વારા નોંધપાત્ર પ્રયાસો થઈ રહ્યા છે. સમાજના યુવા વર્ગથી લઈને જૈફ વયના મતદારો મતદાન થકી ચૂંટણી પર્વમાં જોડાઈને લોકશાહીના પાયાને વધુ મજબુત કરે તે માટે અનેક સુવિધાઓનું નિર્માણ કર્યું છે.

જે અનુસંધાને લોકશાહીના પર્વમાં મહીસાગર જિલ્લાના દિવ્યાંગજનો મતદાન થકી ૧૦૦ ટકા હિસ્સેદારી નોંધાવે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ બી આર સી ભવન સંતરામપુર ખાતે પર્સન વીથ ડીસએબીલીટી નોડલ અધિકારીના અદયક્ષ સ્થાને ''દિવ્યાંગ મતદાન જાગૃતિ'' કાર્યક્રમ યોજાયો.

## ડિસેમ્બરમાં રેકોર્ડ બ્રેક ઠંડી પડશે, ઘણા શહેરોમાં તાપમાન ઝડપથી ઘટવા લાગ્યું



નવીદિલ્હી, દેશના ઘણા ભાગોમાં નવેમ્બર મહિનાથી જ શિયાળાનો અનુભવ શ થઈ ગયો છે. સવારે ઉઠા બાદ લોકોને ઘરની બહાર નીકળવા માટે ભારે સંઘર્ષ કરવો પડે છે. હાલની સ્થિતિ જોતા એવું લાગે છે કે ડિસેમ્બરમાં વિક્રમજનક ઠંડી પડવાની છે. દરમિયાન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પહાડોમાં હિમવર્ષા શ થઈ ગઈ છે, જેના કારણે ઉત્તર ભારતના ઘણા શહેરોના તાપમાનમાં ઘટાડો થયો છે. આ હિમવર્ષાની અસર કાશ્મીરથી લઈને યુપી સુધી જોવા મળી રહી છે. હિમાચલ, ઉત્તરાખંડ અને કાશ્મીરના પહાડો પર પણ હળવી હિમવર્ષા શ થઈ ગઈ છે. બીજી તરફ દિલ્હી, હરિયાણા, યુપી, બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત સમગ્ર ઉત્તર પશ્ચિમ અને પૂર્વોત્તર રાયોમાં ઠંડી વધવા લાગી છે. ઉત્તર પ્રદેશ, દિલ્હી અને હિમાચલમાં પણ સવાર-સાંજ ધુમ્મસ જોવા મળી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે એટલે કે ૨૨ નવેમ્બરે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૮.૯ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું છે, યારે મહત્તમ તાપમાન ૨૭.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. બીજી તરફ ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌની વાત કરીએ તો અહીં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસ છે. હિમાચલની રાજધાની શિમલાની વાત કરીએ તો અહીં લઘુત્તમ તાપમાન એક ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિયસ છે. ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂનની વાત કરીએ તો અહીં લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસ છે. બિહારની રાજધાની પટનાની વાત કરીએ તો અહીં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસ છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં એવા ઘણા વિસ્તારો છે યાં તાપમાન શૂન્યથી નીચે નોંધાઈ રહ્યું છે. સાથે જ હવામાનશાીઓએ જણાવ્યું છે કે હાલમાં પવનની દિશા ઉત્તર પશ્ચિમ તરફ ચાલી રહી છે. પહાડો પર હિમવર્ષાની અસર રાજધાની દિલ્હી તેમજ એનસીઆરના શહેરોમાં દેખાઈ રહી છે, જેના કારણે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. તે જ સમયે, આજે તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલ, લક્ષદ્રીપ, કેરળના વિવિધ ભાગોમાં વીજળી અને ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે. હાલમાં યુપી-બિહાર સહિત ઉત્તર-પૂર્વના રાયોમાં વરસાદની કોઈ શકયતા નથી.

## લુણાવાડા વિધાનસભા બેઠકના બીજેપી ઉમેદવારના પ્રચાર માટે અભિનેતા રવિ કિશનએ સંબોધન કર્યું


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર, લુણાવાડા વિધાનસભા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર જીગ્નેશકુમાર સેવકના સમર્થનમાં આયોજિત જાહેરસભાને ભોજપુરી સુપર સ્ટાર અભિનેતા અને ગોરખપુરના લોકપ્રિય સાંસદ રવિ કિશનજી તથા રાજયસભા સાંસદ રમીલાબેન બારા એ સંબોધન કરી. જેમાં મહિસાગર જિલ્લા પ્રમુખ દશરથભાઈ બારીઆ, જિલ્લા મહામંત્રી રાવજીભાઈ પટેલ, પ્રદિપસિંહ રાઠોડ, સહિત જિલ્લા અને તાલુકા પંચાયત સદસ્યો, સંગઠન હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરી અને વિજય વાવટો ફરકાવી ચારેકોર ભગવો લહેરાવવા માટે આહવાન કર્યું.

સભામાં જોવા મળેલા ઉત્સાહ અને ઉમંગ જોઈને એટલું સુનિશ્ચિત છે કે જનતા-જનાર્દન એક વખત કમળ ખીલવવા માટેનું મન બનાવી ચૂકી છે. ત્યારે લુણાવાડામાં મોટી સંખ્યામાં કાર્યકરો જોવા મળ્યા હતા.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ પરિણામ આપનારો છે. તમારી પ્રગતિ જોઈને લોકો આશ્ચર્ય પામશે. તમારી ખુશી પર તમારે નિયંત્રણ રાખવું જોઈએ અને સંયમથી કામ લેવું જોઈએ.

વૃષભ : આજનો દિવસ તમારા માટે મુશ્કેલીઓમાંથી મુક્તિ અપાવનારો રહેશે અને ભાગ્યનો સાથ પણ મળશે. ઘણા સંઘર્ષ બાદ આજે તમારી સમસ્યાઓનું સમાધાન આવી શખે છે.

મિથુન : તમારા માટે આજનો દિવસ ઘણો ભાગદોડ વાળો હોઈ શકે છે. વધારે મહેનતના પરિણામ પણ તમને લાભ આપનારા હોઈ શકે છે. હાલ તો તમે તમારા કાર્યોને ઉત્સાહપૂર્ણ પૂરા કરો.

કર્ક : આજનો દિવસ તમારા માટે શુભ છે. પરિવારમાં કોઈ પણ માંગલિક કાર્યના આયોજનની ચર્ચા થવાથી મન પ્રસન્ન રહેશે અને ભાગ્યનો સાથ મળશે. જીવન સ્તર સુધારવા માટે તમે જરૂરી વસ્તુઓની ખરીદી કરી શકો છો.

સિંહ : આજનો દિવસ થોડો પરેશાનીભર્યો રહી શકે છે. આજે તમારું મન વેપારની ચિંતામાં લાગેલું રહેશે કેમ કે છેલ્લા ઘણા દિવસોથી વેપાર નિયમિત નથી. અસ્થિરતા તમારો પીછો છોડી રહી નથી.

કન્યા : આજનો દિવસ તમારા માટે ચિંતા અને મુશ્કેલીઓવાળો રહેશે. કેટલીક મુશ્કેલીઓ વાસ્તવિક છે જ અને કેટલીક તમે જાતે લઈ લેશો. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં વિરોધીઓની ભીડ તમારી સામે ઊભી હોઈ શકે છે.

તુલા : આજ મનથી તમે સીધા અને સાચા રહેશો. બીજાનીસેવા કરવાનું તમને ઘણું સારું લાગે છે. આજનો દિવસ કોઈ બહેન ભાઈની ચિંતામાં પસાર કરશે. તમે હંમેશા જ પોતાના પરિવારની સલામતી માટે કટિબદ્ધ રહો છો.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને ક્યાંકથી શુભ સમાચાર પ્રાપ્ત થવાની પૂરી આશા છે. મન પ્રસન્ન રહેશે અને તમારા કાર્ય પૂરા થવાથી ઉત્સાહમાં વધારો થશે.

ધનુ : આજે તમારો દિવસ શુભ રહેશે અને ભાગ્યનો સાથ મળતો રહેશે. પ્રગતિના ક્ષેત્રમાં ઘણા માર્ગ ખુલશે અને તમારા કાર્ય પૂર્ણ થશે. અધ્યયન અને અધ્યાત્મમાં રસ વધવો સ્વાભાવિક છે.

મકર : આજનો દિવસ તમારા પ્રત્યેક કાર્યમાં શુભ પરિણામ આપનારો સાબિત થઈ શકે છે. કોઈ નવા સંપર્કથી લાભ થવાની આશા છે અને તમારી યોજના સફળ રહેશે. અટકેલું ધન મુશ્કેલીથી મળશે.

કુંભ : આજે તમારા પરિવારમાં એકતા વધશે. સાથે મળી બધા ઉતાર-ચઢાવનો સામનો કરશે. ઉચ્ચ અધિકારીઓની ઘનિષ્ટતાથી લાભ લેવાની સારી તક છે આજે મળી શકે છે.

મીન : તમારો દિવસ સુખદ છે અને તમારો મિલનસાર સ્વભાવ તમને બીજાને પ્રિય બનાવવામાં મદદ કરશે. ઓફિસમાં બોસ તમારા કામની પ્રશંસા કરશે અને ભાગ્યનો સાથ મળવાથી આગળ વધવાની તક મળશે.

## દેશમાં સાંસદ અને ધારાસભ્યોની સામે કેસની સંખ્યા વધી : સુપ્રીમમાં રિપોર્ટ રજૂ કરાયો

નવીદિલ્હી, સાંસદો અને ધારાસભ્યો સામે કેસોની સંખ્યા સતત વધી રહી છે. ડિસેમ્બર-૨૦૧૮માં સાંસદો અને ધારાસભ્યો વિરૂધ્ધ પડતર કેસોની સંખ્યા ૪૯૨૨ હતી જે ડિસેમ્બર ૨૦૨૧માં વધીને ૪૯૭૯ અને નવેમ્બર ૨૦૨૨માં ૫૦૯૭ થઈ ચૂકી છે. સુપ્રીમ કોર્ટમાં વરિ એડવોકેટ વિજય હંસારિયા અને એડવોકેય સ્નેહા કલીતા દ્વારા આ જાણકારી આપવામાં આવી છે. પડતર કેસોમાંથી ૪૧ ટકા કેસ પાંચ વર્ષ જૂના છે. આમ છતાં અદાલત તેના સંબંધિત કેસો પર અશ્ર્વિનીકુમાર ઉપાધ્યાયની યાચિકા પર ધ્યાન આપી રહી છે. હાઈકોર્ટે કાયદા ઘડનારાઓ સામે ટ્રાયલ ઝડપી કરવા માટે સમયાંતરે વિવિધ વચગાળાના આદેશો આપ્યા છે.નવેમ્બર-૨૦૨૨ સુધીમાં ઉત્તરપ્રદેશમાં સાંસદો અને ધારાસભ્યો વિરૂધ્ધ સૌથી વધુ ૧૩૭૭ કેસ નોંધાયા છે. ત્યારબાદ બિહારમાં ૫૪૬ તો મહારાર્ષ્ટ્રમાં ૪૮૨ કેસ નોંધાયા છે. આ રિપોર્ટમાં જમ્મુ કાશ્મીર અને લદાખના પડતર કેસના આંકડા ઉપલબ્દ ન હોવાથી તેને સામેલ કરવામાં આવ્યા નથી. સુપ્રીમ કોર્ટ હાલના અને પૂર્વ સાંસદો-ધારાસભ્યો વિરૂધ્ધ કેસની ઝડપી સુનાવણી માટે ઉપાધ્યાય દ્વારા દાખલ કરેલીજનહિત યાચિકા પર વિચાર કરશે.પાંચ વર્ષ કરતાં વધુસમયથી પેન્ડિંગ કેસોની સૌથી વધુસંખ્યા ઓડિસા રાયમાં ૭૧ ટકા જેટલી છે ત્યારબાદ બિહારમાં ૬૯ ટકા અને ઉત્તરપ્રદેશમાં ૫૨ ટકા છે. આ પહેલાં હંસારિયાએ તેના ૧૭માં સ્ટેટસ રિપોર્ટમાં કહ્યું હતુ કે ૫૧ સાંસદો પર ઈડીએ મની લોન્ડરિંગ કેસ નોંધ્યા છે. યાર આટલા જ કેસ સીબીઆઈ દ્વારા પણ નોંધાયા છે. ૪ ડિસેમ્બર, ૨૦૧૮ બાદ ૨૭૭૫ કેસોના નિકાલ પછી પણ એમપીએમએલએ સામેના કેસ ૪૧૨૨થી વધીને ૪૯૮૪ થયા છે. જે દર્શાવે છે કે ગુનાઈત પૃભૂમિ ધરાવતા વધુને વધુ લોકો સંસદ અને રાયની વિધાનસભામાં બેઠકો મેળવી રહ્યાં છે આથી આવા ફોજદારી કેસોનો નિકાલ કરવાની તાતી જર હોવાનું અહેવાલમાં જણાવાયું છે. હંસારીયાએ જણાવ્યું હતું કે વિવિધ હાઈકોટર્સ દ્વારા રજૂ કરાયેલા સ્ટેટસ રિપોટર્સમાં પણ એ બાબત જણાવાઈ છે કે કેટલાંક રાયોમાં વિશેષ અદાલતોની સ્થાપના કરાઈ છે, યારે અન્ય રાયોમાં સંબંધિત ન્યાયક્ષેત્રની અદાલતો સમયાંતરે જારી કરાતા નિર્દેશો અનુસાર આવા કેસોની સુનાવણી હાથ ધરે છે. આ યુરિસડિકશનલ અદાલતો એમપીએમએલએ સામેના કેસોની ટ્રાયલ હાથ ધરવા ઉપરાંત તેમને ફાળવવામાં આવેલા રોસ્ટરનો પણ નિકાલ કરે છે. ઘણાં રાયોમાં એક જ જજ એસસીએસટી એકટ કે પોસ્કો એકટ જેવા વિવિધ કાયદા હેઠળ સ્પેશિયલ કોર્ટ તરીકે કાર્યરત હોય છે. હંસારીયાએ જણાવ્યું હતું કે કેસની તપાસ ટ્રાયલ ઝડપી બનાવવા, અદાલતોને માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તથા તપાસમાં થતાં વિલંબના કારણોની સમીક્ષા કરવા માટે મોનિટરિંગ કમિટીની રચના કરવા અંગે કરાયેલા ૨૫ ઓગસ્ટ, ૨૦૨૧ના આદેશના સંદર્ભમાં હજી સુધી કેન્દ્ર સરકાર દ્વારા કોઈ પ્રતિભાવ અપાયો નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે એમપીએમએલએ સામેના કેસોની સુનાવણી હાથ ધરતી અદાલતોને જરી ઈન્ટરનેટ સહિતની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બનાવવી જરી છે. એટલું જ નહીં પરંતુ અરજદાર અને ફરિયાદી એમ બંને પક્ષના વકીલો કેસની ટ્રાયલમાં સહકાર આપે તે માટે તથા આવા કેસમાં એડજર્નમેન્ટને મંજૂરી નહીં આપવા મામલે તેમણે સર્વોચ્ચ અદાલતને નિર્દેશ આપવા અનુરોધ કર્યો હતો.

### પરંપરાગત ગઢ સાચવવા કવાયત

# દાહોદ બેઠક પર ટિકિટ કાપ્યા બાદ વજુભાઈને જિલ્લા પ્રમુખની જવાબદારી સોંપી કોંગ્રેસના ડેમેજ કંટ્રોલના પ્રયાસો

દાહોદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો રાજકીય માહોલ હવે જામવા લાગ્યો છે. રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો ગુજરાતના ખૂણે ખૂણા ફેંદી રોકેટ ગતીએ ચૂંટણીનું ઝંઝાવાત પ્રચાર કરી રહ્યા છે. ત્યારે મધ્ય ગુજરાતના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ કુલ ૬ વિધાનસભાની બીજા તબક્કાનું ૫ મી ડિસેમ્બરના રોજ મતદાન થવાનું છે. આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાહોદ જિલ્લામાં ચૂંટણી પ્રચાર અર્થે આવી રહ્યા છે. ત્યારે દાહોદ વિધાનસભા બેઠક પર ભાજપે આ વખતે રીપીટ થિયરી અપનાવી કનૈયાલાલ કિશોરી ને ઉમેદવાર બનાવ્યો છે તો બીજી તરફ કોંગ્રેસે ત્રણ ટર્મ થી ધારાસભ્ય એવા વજુભાઈને પાણીચું આપી હર્ષદ નિનામાને ટિકિટ આપી ઉમેદવાર તરીકે જાહેર કરતા કોંગ્રેસમા અંદરો અંદર ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. તો બીજી તરફ કોંગ્રેસના જ કિશન મેઘજીભાઈ પલાસે અપક્ષમાં દાવેદારી નોંધાવતા કોંગ્રેસમાં હોદ્દેદારોમાં બગાવતના સૂર દેખાયા હતા. વજુભાઈની ટિકિટ કાપ્યા બાદ તેમના સમર્થકો અને ટેકેદારોમાં નારાજગીનો માહોલ સર્જાયો હતો. સાથે સાથે વજુભાઈ તેમજ તેના સમર્થકોએ ભેદી મોન સેવી લેતા સુડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ હતી. જેના પગલે વર્ષોથી કોંગ્રેસનું પરંપરાગત રીતે ગઢ ગણાતી આ બેઠક પર સમીકરણો બદલાતા કોંગ્રેસ બેક ફૂટ પર આવી ગઈ હતી તેમ જણાઈ રહ્યું હતું. આ તમામ બાબતોને મોવડી મંડળે ગંભીરતાથી લઈ ડેમેજ કંટ્રોલ કરવા માટેના પ્રયાસો શરૂ કરાયા હતા. અંતર્ગત બે દિવસ અગાઉ રાજસ્થાનની સરકારમાં મંત્રી માલવિયાજી દાહોદ ખાતે દોડી આવ્યા હતા અને વજુભાઈ તેમના ઠેકેદારો અને સમર્થકોને મનાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. સાથે સાથે પક્ષ સામે બગાવત કરી અપક્ષ માં દાવેદારી નોંધાવનાર કિશન મેઘજીભાઈ પલાસને પણ મનાવવાના પ્રયત્નો શરૂ થયા હતા. જેમાં ગઈકાલે ફોર્મ પરત લેવાના છેલ્લા દિવસે કિશન પલાસે દાવેદારી યથાવત રાખતા મોવડી મંડળને નિષ્ફળતા સાંપડી હતી. જોકે કોંગ્રેસે ગઈકાલે સાંજે રીસામણા મનામણા બાદ વજુભાઈ પણદાને જિલ્લા પ્રમુખ તરીકે નિયુક્તિ સાથે જવાબદારી સોંપી ડેમેજ કંટ્રોલ કરવા પ્રયાસો કર્યા હતા. જોકે, હવે ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ચૂક્યું છે.અગામી ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર કિશન પલાસ ભાજપ-કોંગ્રેસમાંથી કોને નુકશાન પહોંચાડે છે.? અથવા નિષ્ક્રિય બની હર્ષદ નિનામાને મદદ કરશે..? વજુભાઈ ની નવી જવાબદારી સોપ્યા બાદ વજુભાઈ તેમજ તેમના સમર્થકો અને ટેકેદારો શું ભૂમિકા ભજવે છે. તે તો અગામી ૮ મી રોજ ચૂંટણી પરિણામ પરથી સ્પષ્ટ થઈ જશે.જેના પગલે દાહોદ વિધાનસભાનો ચૂંટણીનો મહા સંગ્રામ હવે રસપ્રદ બન્યું છે.જો હર્ષદ નિનામા કોંગ્રેસનો ગઢ સાચવી રાખવા સફળ થાય તો તેમના માટે એક સારી તક સાબિત થશે અને વજુભાઈની ધારાસભ્ય તરીકેની કારદીર્દી પર પૂર્ણ વિરામ મુકાઈ જશે અથવા ભાજપ માઈક્રો પ્લાનિંગ અને સોલિડ બુથ મેનેજમેન્ટના સથવારે કોંગ્રેસનું ગઢ ધવસ્ત કરવામાં સફળ થશે તો હર્ષદ નિનામાના "બાવાના બેઉ બગડશે" તેવો ઘાટ સર્જાશે તે હાલ કહેવું અશક્ય છે. પરંતુ દાહોદ વિધાનસભા બેઠકનું ચિત્ર રસપ્રદ નીવડશે તેમાં કોઈ બેમત નથી.

# લીમખેડા વિધાનસભા બેઠક પર આપ અને બીટીપીમાં ભંગાણ થતાં આપ પાર્ટી માટે કપરાં ચઢાણ

દાહોદ,

દાહોદ જિલ્લાની લીમખેડા વિધાનસભા બેઠકમાં આપ અને બીટીપીમાં મોટું ભંગાણ સર્જાવા પામ્યું છે. જેમાં બીટીપીના ઉમેદવારે ફોર્મ પરત ખેંચી પોતાના કાર્યકરો સાથે ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થયાં છે. જ્યારે લીમખેડામાં આમ આદમી પાર્ટીના વિધાનસભાના સંગઠન મંત્રી, જિલ્લા મહા સચિવ, ઉપપ્રમુખ સહિત તેઓના કાર્યકરો પણ ભારતીય ભારતીય જનતા પાર્ટીનો ખેંસ ધારણ કરી લેતાં વિધાનસભાની ચુંટણી સમયે લીમખેડા વિધાનસભા માટે હવે આમ આદમી પાર્ટી માટે ચુંટણી જીતવા કપરા ચઢાણ સાબીત થનાર છે.

આજરોજ લીમખેડા વિધાનસભાના બીટીપીના ઉમેદવાર રાજેશ હઠીલાએ પોતાના કાર્યકર્તાઓ સાથે સાંસદ જસવંતસિંહની હાજરીમાં ભારતીય જનતા પાર્ટીનો ખેંસ ધારણ કર્યો હતો જ્યારે બીજી તરફ લીમખેડાના આમ આદમી પાર્ટીના વિધાનસભાના સંગઠન મંત્રી, જિલ્લાના મહાસચિવ, ઉપપ્રમુખ વિગેરે મળી કુલ ૫૦૦ થી વધુ કાર્યકર્તાઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયાં હતાં. આપના સંગઠન મંત્રી એ કેજરીવાલ ઉપર આકરા પ્રહારો કરતા કહ્યું કે તે જૂઠી રેવડીઓ વેચે છે, તે ગામડામાં જઈ તેમના કર્યકર્તા લોકોને લોભ લાલચ આપી ઠગે છે. તેઓને હવાલા વિશે પૂછતાં તેઓ એ કહ્યું કે હા તેઓના હવાલાથી ઘણા જિલ્લાઓમાં રૂપિયા આવ્યાં છે અને નિષ્ઠાની વાત અરવિંદ કેજરીવાલ નાજ કરે તો સારૂં કારણકે તેઓ દાહોદ આવ્યા ત્યારે અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, મેરીટ પ્રમાણે ટીકીટ આપીશું અને ખરેખર જ્યારે ટીકીટ આપવાની થઈ ત્યારે તેઓએ આયાતી ઉમેદવારો ને ટીકીટ આપી અને સંનિષ્ઠ કાર્યકર્તાઓની અવગણના કરી હતી એટલે કેજરીવાલ માત્ર અને માત્ર જૂઠું જ બોલવા ટેવાયેલા છે અને એટલેજ દાહોદ જિલ્લાની જનતા ટીમ ઓળખી ગઈ છે અને તેમને ચુંટણીમાં પરચો બતાવશે તેવા આક્ષેપો કર્યા હતાં. આમ લીમખેડામાં બીટીપીના ઉમેદવાર અને આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થતાં આવનાર વિધાનસભાની ચુંટણીમાં આપ માટે કપરા ચઢાણ લાગી રહ્યાં છે.

# ડોકી-ખરોડ ખાતે વડાપ્રધાનના કાર્યક્રમ સંદર્ભે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે એ માટે જિલ્લા મેજીસ્ટ્રેટનાં ટ્રાફિક નિયમન માટે આદેશો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ડોકી-ખરોડ ખાતે વડાપ્રધાનના આવતીકાલ તા. ૨૩ નવેમ્બરના કાર્યક્રમમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ માટે જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. હર્ષિત ગોસાવીએ એક જાહેરનામા થકી ટ્રાફિક નિયમન માટે આ મુજબનો આદેશ કર્યો છે.

તદ્દનુસાર તા. ૨૩ નવેમ્બરે સવારના ૬ થી સાંજના ૮ વાગ્યા સુધી આ મુજબનું ટ્રાફિક નિયમન રહેશે. ઈન્દોર થી અમદાવાદ જતા હાઈવે ઉપર બાંસવાડા તરફ જવાના નિર્દેશ કરતા બોર્ડથી આગળ સતી તોરલથી જમણી બાજુ જતા ઝાલોદ બાંસવાડા હાઈવેને કાર્યક્રમમાં ભાગ લેવા જનારા વાહનો સિવાયના તમામ વાહનોના ઉપયોગ માટે પ્રતિબંધિત રહેશે.

ઝાલોદથી દાહોદ, ગોધરા, ઈન્દોર તરફ કાર્યક્રમમાં ભાગ લેવા આવનારા વાહનો સિવાયના તમામ વાહનોએ લીમડીથી લીમખેડા થઈને ગોધરા-ઈન્દોર હાઈવે (એન.એચ. ૪૭)ને મળતા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

ઈન્દોર થી લીમડી, ઝાલોદ, બાંસવાડા (રાજસ્થાન) તરફ જતા આમ જનતાના વાહનોએ ઈન્દોર ગોધરા હાઈવે (એન.એચ. ૪૭) થી લીમખેડા જઈ લીમખેડાથી લીમડીવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

દાહોદ, ધાનપુર, ગરબાડા, દેવગઢ બારીયા, સીંગવડ, લીમખેડા તાલુકા તરફથી સભાસ્થળે કાર્યક્રમમાં ભાગ લેવા આવતા વાહનો માટે સતી તોરલ હોટલ, કાળી તળાઈ ડોકી સબ જેલ સુધીનો રસ્તો વન-વે રહેશે. અને આ વાહનોના વાહન ચાલકોએ ૪૦ કિમી પ્રતિ કલાકની ગતિમર્યાદામાં વાહનો ચલાવવાના રહેશે.

ઝાલોદ, લીમડી, ફતેપુરા, સંજેલી તાલુકા તરફથી સભા સ્થળ તરફ આવનાર વાહનો માટે લીમડીથી ડોકી સબજેલ સુધીનો રસ્તો વન વે રહેશે અને આ વાહનોના વાહન ચાલકોએ ૪૦ કિમી. પ્રતિ કલાકની ગતિમર્યાદામાં વાહનો ચલાવવાના રહેશે.

ચોસાલા ત્રણ રસ્તાથી ઉકરડી, સાંકરદા, કાળી ગામ થઈને ડોકી તરફ જતો રસ્તો આમ જનતાના ઉપયોગ માટે પ્રતિબંધ રહેશે.

દાહોદ ટાઉનથી સભા સ્થળ પર જવા વાળા વાહનોએ ગોધરા રોડ રાબડાળ સતી તોરલ થઈને સભા સ્થળ પર જવાનું રહેશે.

ડોકી સબજેલની દક્ષિણ દિશા બાજુ થઈને પટેલ ફળીયા, ડોકી ગામ તરફ જતો રસ્તો આમ જનતાના ઉપયોગ માટે પ્રતિબંધ રહેશે.

ડોકી સબજેલની સામે રેંટીયા ગામ તરફ જતા બન્ને રસ્તાને વન-વે જાહેર કરી આમ જનતાના ઉપયોગ માટે પ્રતિબંધ રહેશે.

જિલ્લા સેવા સદનની સામે બોરવાણી તરફ જતો રસ્તો આમ જનતાના ઉપયોગ માટે પ્રતિબંધ રહેશે.

આ જાહેરનામા માંથી આપાતકાલીન સેવાઓ સાથે સંકળાયેલા વાહનો, ગર્ભવતી મહિલા કે ગંભીર બિમાર વ્યક્તિઓને લઈ જતા વાહનો કે ચૂંટણી ફરજમાં સંકળાયેલા અધિકારી-કર્મચારીઓના વાહનોને લાગુ થશે નહી. તેમજ અભ્યાસ કે પરીક્ષા અર્થે જતા વિદ્યાર્થીઓને આદેશમાંથી મુક્તિ અપાઈ છે.

# દાહોદ પરેલ રામલીલા મેદાનમાં બાંધકામ કરતાં આ સ્થળે રોજી રોટી કમાઈ ખાનારની રોજી રોટી છીણવાઈ જતાં કોંગ્રેસ પાર્ટીએ રેલ્વે પ્રબંધકને આવેદન આપ્યું

દાહોદ,

દાહોદ શહેરમાં પરેલ વિસ્તાર ખાતે આવેલ રામ લીલા મેદાન ખાતે રેલ્વે તંત્ર દ્વારા બાંધકામ કરતાં આ મામલે સ્થળ પર રોજી રોટી કમાઈ ખાનાર લોકોની રોજી રોટી છવાઈ જશે તેવી રજુઆત સાથે દાહોદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદના રેલ્વે પ્રબંધકની મુલાકાત કરી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

દાહોદ શહેરના પરેલ વિસ્તાર સાત રસ્તા મેદાન ખાતે વર્ષોથી રામલીલાનું આયોજન કરવામાં આવે છે. આ સ્થળ ખાતે રેલ વિભાગ દ્વારા દુકાનોનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે. આ મામલે દાહોદ શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો દ્વારા દાહોદના રેલ્વેના પ્રબંધકની મુલાકાતે ગયાં હતાં અને જ્યાં તેઓએ રેલ પ્રબંધકને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, દુકાનોના બાંધકામ સામે કોઈ વાંધો નથી પરંતુ ત્યાં આસપાસના ગ્રામીણ લોકો શાકભાજી સહિત નાના મોટો ધંધો કરી પોતાનું કામકાજ કરે છે અને લારી ગલ્લાવાળા પણ પોતાનો ધંધો કરી ગુજરાન ચલાવે છે ત્યારે રેલ્વે તંત્ર દ્વારા આ આ બંધ કરવામાં આવતાં હજ્જારો લોકો રોજી રોટી વિહોણા થઈ ગયાં છે તે યોગ્ય નથી. પાવર સ્ટેશનને અન્ય સ્થળે ખસેડવામાં તેમજ સ્પોટ ગ્રાઉન્ડનો વિકાસ કરવામાં આવે તે માટે દાહોદ કોંગ્રેસ સમિતિ દ્વારા રેલ પ્રબંધકની મુલાકાત કરી ઉપરોક્ત મામલે ખાસ કરીને સ્થળ પર રોજગાર ધંધો કરતાં લોકોના હિતમાં યોગ્ય નિર્ણય કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

# દાહોદના ઝાલોદ રોડ કન્યાશાળાના ૧૪૦ વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સપોર્ટ સુવિધા શરૂ કરાઈ



દાહોદ,

દાહોદ જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત ઝાલોદ રોડ કન્યાશાળા દાહોદ ની વૈકલ્પિક બેઠક વ્યવસ્થા સરકારી ટેકનીકલ હાઈસ્કૂલ વિશ્રામગૃહની સામે કરવામાં આવેલી છે. જેથી ટ્રાન્સપોર્ટેશન્સ માટેની સુવિધા માન્ય જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર ની મંજૂરીથી સદર શાળા ૧૪૦ વિદ્યાર્થીઓને સમગ્ર શિક્ષા અંતર્ગત ટ્રાન્સપોર્ટેશન સુવિધા શાળાની વિદ્યાર્થીની ના હસ્તે લીલી ઝંડી આપી ચાલુ કરવામાં આવી છે. જેથી શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખૂબ આનંદ અને ઉત્સાહનો જોવા મળેલ છે.

# દે.બારીયા વિધાનસભાના રાષ્ટ્રના અને રાજ્યકક્ષાના માન્ય રાજકીય પક્ષોના ઘોષીત ઉમેદવારો

દે.બારીયા,

દે.બારીયા ૧૩૪ બેઠકના ચુંટણી અધિકારીના એક લેખિત પરિપત્રના અનુસાર તા.૨૨/૧૧/૨૦૨૨ના સોમવારના રોજ ચુંટણી ફોર્મ પાછો ખેંચવાનો છેલ્લો દિવસ અને તારીખ છેલ્લી હોવાથી બપોરે ૩.૦૦ કલાકના સમય હોય દે.બારીયા ૧૩૪ સીટના એન.સી.પી. અને કોંગ્રેસ પક્ષના ગઠબંધનના ઉમેદવાર ગોપસિંહ લવારે પોતાની ઉમેદવારીનું ફોર્મ સ્વૈચ્છાએ પરત ખેંચી લેતા રાજકીય પક્ષોમાં કહી ખુશી કહી ગમનો માહોલ દેખવામાં આવ્યો હતો. હવે દે.બારીયા સીટ ઉપર ત્રિકોણીયો જંગની સંભાવના સમાપ્ત થાય છે. ભાજપ અને આમ આદમી પાર્ટી સાથે સીધી ટક્કર જોવા મળશે. હવે એ જોવાનું છે કે, નવો નિશાળીયા આમ આદમી પાર્ટીનો ઉમેદવાર કેટલી ટક્કર આપી શકે છે કે નહિ તે તો આવનારો સમય બતાવશે.

આધારભૂત મળતા સૂત્રોના અનુસાર ૧૩૪ સીટના રાજકીય પક્ષોના માન્ય ઉમેદવારો આ પ્રમાણે છે. ઈ.વી.એમ.માં અનુક્રમમાં પ્રથમ નંબરે ખાબડ બચુભાઈ મગનભાઈ ભાજપ, બીજા નંબરે ચૌહાણ સામરસિંહ મન્સુખભાઈ-પ્રજા વિજય પાર્ટી અને ત્રીજા નંબરે વાખળા ભારતસિંહ પ્રતાપભાઈ-આમ આદમી પાર્ટી તેમજ ચોથા નંબરે પટેલ ભીમસિંહ મનહરભાઈ-અપક્ષ આ ચાર ઉમેદવારોનું ભાવિ ૮મી ડિસેમ્બરના રોજ ઈ.વી.એમ.ખુલશે અને પરિણામમાં કોણ બાજી મારે છે. તે સૌ મીટ માંડીને આતુરતાથી નજરે છે.

# હવે સૈનિકોને દમદાર બુલેટ પ્રુફ જેકેટ, દુશ્મનની ગોળીનો વાર ખાલી જશે

નવીદિલ્હી,

હવે દુશ્મની ગોળી ભારતીય સૈનિકોની છાંતીને ચીરી શકશે નહીં,મેક ઈન ઈન્ડિયા હેઠળ સૈનિકોને દમદાર બુલેટ પ્રુફ જેકેટ મળવા જઈ રહ્યાં છે.રક્ષા મંત્રાલય તરફથી તેના માટે ટેન્ડર પણ જારી કરી દીધા છે.તાકિદે સ્વદેશી બુલેટ પ્રુફ જેકેટનો જથ્થો મળતા જ સૈનિકોમાં વિતરીત કરી દેવામાં આવશે. સૌથી પહેલા આ બુલેટ પ્રુફ જેકેટ જમ્મુ કાશ્મીરમાં તહેનાત સેનાના જવાનો માટે આપવામાં આવશે કારણ કે અહીં સતત સેનાની આતંકવાદીઓ સાથે અથડામણો થતી રહે છે.આવામાં સેનાના જવાનોની જીંદગી બુલેટ પ્રુફથી સુરક્ષિત રહેશે આ સાથે જ દુશ્મનોને હવે જવાનો પડકારો આપશે. રક્ષા મંત્રાલયે ૬૨૫૦૦ બુલેટ પ્રુફ જેકેટના પુરવઠા માટે ટેન્ડર જારી કર્યા છે.સ્વદેશી કંપનીઓ જ આ ટેન્ડર માટે પાત્ર રહેશે તેમાં બે અલગ અલગ ટેન્ડર જારી કરવામાં આવ્યા છે એક ટેન્ડરમાં ૧૫ હજાર બુલેટ પ્રુફ જેકેટની ખરીદી કરવામાં આવશે બાકી અન્ય ૪૭૫૦૦ જેકેટ બીજા ટેન્ડરમાં ખરીદવામાં આવશે આ બુલેટ પ્રુફ જેકેટ સામાન્ય બુલેટ પ્રુફ જેકેટોથી બિલકુલ અલગ હશે આ બુલેટ પ્રુફ જેકેટોને આતંકવાદીઓ દ્વારા ઉપયોગમાં આવતી સ્ટીલ કોરની ગોળીઓ પણ ભેદી શકશે નહીં આતંકવાદીઓની ગોળીઓ હાલમાં ઉપયોગ થઈ રહેલ બુલેટ પ્રુફ જેકેટો પર અનેકવાર ભારે પડી જાય છે.તેનાથી સૈનિકોનો જીવ જોખમમાં પડી જતા હતાં પરંતુ હવે મેક ઈન ઈન્ડિયા હેઠળ આવી બુલેટ પ્રુફ જેકેટોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જેથી સ્ટોર કોર ગોળીઓ પણ ભેદી શકે નહીં આવામાં દુશ્મનના ખતરનાકથી ખતરનાક ગોળીના વાર પણ ખાલી જાય આ દરમિયાન સેનાને દુશ્મનોનો સફાયો કરવાની પણ તક મળશે.

# રાજસ્થાનના ઉદયપુર જિલ્લામાં એક જ ઘરમાં ૬ લોકોએ સામૂહિક આત્મહત્યા કરી

ઉદયપુર,

એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેણે દિલ્હીના બુરાડી ઘટનાની હૃદયદ્રાવક યાદો તાજી કરી દીધી છે. બુરાડીના ઘરનું તે રૂવાંડા ઉભા કરતું દ્રશ્ય પણ યાદ આવ્યું, જ્યારે એક ઘરમાં ૧૦ લોકોના મૃતદેહો ફાંસી પર લટકતા હતા. તેવી જ રીતે ઉદયપુરના ગોગુંડા તહસીલના એક ગામમાં સામૂહિક મૃત્યુનો મામલો પોલીસ પાસે આવ્યો છે. આ બાબતને આપણે દિલ્હીની બુરાડી ઘટનાની જેવી જ કહી રહ્યા છીએ. ચાલો આ સમગ્ર મામલો શું છે.

રાજસ્થાનના ઉદયપુર જિલ્લામાં એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેણે દિલ્હીના બુરાડી ઘટનાની હૃદયદ્રાવક યાદો તાજી કરી દીધી છે. બુરાડીના ઘરનું તે રૂવાંડા ઉભા કરતું દ્રશ્ય પણ યાદ આવ્યું, જ્યારે એક ઘરમાં ૧૦ લોકોના મૃતદેહો ફાંસી પર લટકતા હતા. તેવી જ રીતે ઉદયપુરના ગોગુંડા તહસીલના એક ગામમાં સામૂહિક મૃત્યુનો મામલો પોલીસ પાસે આવ્યો છે. આ બાબતને આપણે દિલ્હીની બુરાડી ઘટનાની જેવી જ કહી રહ્યા છીએ. ચાલો આ સમગ્ર મામલો શું છે.

ઉદયપુરના ગોગુંડા તાલુકામાં એક ગામ છે. નામ છે ગોળ નાડી. ગામના લોકો ખેતી પણ કરે છે અને ઘણા લોકો શહેરોમાં જઈને કામ કરે છે. એ જ ગામમાં એક કુટુંબ હતું. જેઓ આદિવાસી સમાજમાંથી આવે છે. પરિવારના વડાનું નામ પ્રકાશ ગામેતી હતું. તેમની પત્નીનું નામ દુર્ગા ગામેતી હતું. બંનેને ચાર બાળકો હતા. માત્ર ૩ થી ૪ મહિનાનો ગંગારામ, ૫ વર્ષનો પુષ્કર, ૮ વર્ષનો ગણેશ અને ૩ વર્ષનો રોશન.

હકીકતમાં આ પરિવાર ગામમાં ખેતરના કિનારે પર બનેલા મકાનમાં રહેતો હતો. ત્યાં પ્રકાશ અને તેના બે ભાઈઓના ઘર બાજુમાં બાંધવામાં આવ્યા હતા. પ્રકાશ ગુજરાતમાં નોકરી કરતો હતો. રોજની જેમ સોમવારે પણ લોકો સવારથી જાગી ગયા હતા. બધા પોતપોતાના કામે જવા તૈયાર થઈ રહ્યા હતા. સૂર્યના ઉદયની સાથે સાથે ગામના લોકોનો ઉત્સાહ પણ વધી રહ્યો હતો. દરમિયાન પ્રકાશનો ભાઈ તેમના ઘરે આવ્યો હતો. તેણે દરવાજો ખખડાવ્યો. પણ દરવાજો ન ખૂલ્યો.

પ્રકાશના ભાઈને ચિંતા થવા લાગી. તેને બૂમો પાડતા અને દરવાજો ખખડાવતો જોઈને ગામના લોકો પણ ત્યાં એકઠા થઈ ગયા. આ પછી બધાએ મળીને દરવાજો તોડવાનું નક્કી કર્યું અને દરવાજો તોડ્યો. દરવાજો ખોલતાની સાથે જ ગામલોકોએ સપનામાં પણ ન વિચાર્યું હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું. ચાર મૃતદેહો ઘરની અંદર છત પર લટકેલી હતી અને બે મૃતદેહો જમીન પર પડેલા હતા. આ ભયાનક દ્રશ્ય જોઈ ગ્રામજનો અને પ્રકાશના ભાઈ ગભરાઈ ગયા હતા.

પ્રકાશના ભાઈને વિશ્વાસ જ ન હતો કે તેનો ભાઈ, ભાભી અને ચાર નિર્દોષ ભત્રીજા હવે આ દુનિયામાં નથી. વાસ્તવમાં, પ્રકાશ અને તેના ત્રણ પુત્રોના મૃતદેહ ચુંદડી અને સાડીની મદદથી છત પર લટકેલા હતા. જ્યારે તેમની પત્ની દુર્ગા અને માત્ર ૩ મહિનાનો પુત્ર ગંગારામ ઘરના ફ્લોર પર મૃત હાલતમાં પડેલા હતા. ઘરની આ હૃદયદ્રાવક દશ્યો જોઈને લોકો સમજી શક્યા નહીં કે આ કેવી રીતે થયું?

ભાઈઓ અને સંબંધીઓ ત્યાં પહેલેથી જ ભેગા થઈ ગયા હતા. સર્વત્ર શોકનો માહોલ હતો. ગામેતી પરિવાર પર જાણે દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. આ અંગે પ્રકાશના બીજા ભાઈએ પોલીસને જાણ કરી હતી. થોડી જ વારમાં પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે ક્રાઈમ સીનનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ પછી, ફોરેન્સિક અને ડોગ સ્કવોડની ટીમને સ્થળ પર બોલાવવામાં આવી હતી.પોલીસે પ્રકાશના ઘરના દરેક ખૂણાની તપાસ કરી. ફોરેન્સિક ટીમે ચારે બાજુથી પુરાવા એકઠા કરવાનો પ્રયાસ કર્યો હતો. નવાઈની વાત એ હતી કે પ્રકાશ ગામેતીના પરિવારે આવું શા માટે કર્યું તેનો કોઈ પાસે જવાબ નહોતો. જોકે, તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે પ્રકાશ અને તેના ભાઈઓની આર્થિક સ્થિતિ સારી નથી. ગુનાના સ્થળેથી એકત્ર કરાયેલા મોટાભાગના પુરાવા આત્મહત્યા તરફ ઈશારો કરતા હતા. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે પ્રકાશની પત્ની દુર્ગાના શરીર પર ઈજાના નિશાન હતા. જેને જોઈને અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે પહેલા પ્રકાશે તેની પત્ની અને તમામ બાળકોનું ગળું દબાવીને હત્યા કરી અને પછી ત્રણેય બાળકોને તેની પત્નીના દુપટ્ટા અને સાડી વડે લટકાવી દીધા. જ્યારે સૌથી નાના પુત્ર અને પત્નીને જમીન પર હતા. આ પછી તેણે પણ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી. પોલીસ કેસની તપાસ કરી રહી છે. પોલીસે પંચનામાની કાર્યવાહી બાદ તમામ મૃતદેહોને મોર્ચરીમાં મોકલી આપ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.78

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલ તાલુકાના અડાદરા ગામે રેતી સ્ટોક સ્થળે ખાનગી વાહનમાં આવેલ

# ખાણ-ખનિજ વિભાગે રેઈડ કરી મારામારી કરતાં બન્ને પક્ષે સામસામી ફરિયાદ

કાલોલ, પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગના અધિકારી કાલોલ તાલુકાના અડાદરા ગામે આવેલ રેતી સ્ટોકઝ સ્થળે હોકી સાથે દબંગાઈ કરી રેતી સ્ટોકઝ ઉપર ઈસમને માથામાં હોકી મારી ઘાયલ કર્યા હોવાનો વિડીયો વાયરલ થયો આ બાબતે વેજલપુર પોલીસ મથકે બન્ને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવા પામી છે.

કાલોલ તાલુકાના અડાદરા ગામે આવેલ રેતી સ્ટોકઝ ઉપર જીલ્લા ખાણ-ખનિજ વિભાગના અધિકારી પ્રાઈવેટ સ્વીફ્ટ કાર નં. જીજે.૧૭.બીએ.૫૭૭૫ લઈને પહોંચ્યા હતા. પ્રાઈવેટ વાહનમાં આવેલ ખાણ-ખનિજ વિભાગના અધિકારી હોકી સાથે રેતી સ્કોટવાળા સ્થળે આવીને દબંગાઈ ઉપર ઉતર્યા હતા અને રેતી સ્ટોકઝ ઉપર એક ઈસમને હોકીનો








ફટકો માથાના ભાગે મારી ઈજાઓ પહોંચાડી હતી. તેવો મામલો સામે આવ્યો છે. રેતી સ્ટોકઝના ઘાયલ ઈસમ અને ખાણ-ખનિજ વિભાગના અધિકારી રામાની દવાખાનામાં દાખલ થયા છે. અડાદરાગામે રેતી સ્ટોકઝ ઉપર ખાણ-ખનિજ વિભાગના અધિકારી ખાનગી વાહનમાં હોકી સાથે આવીને રેતી સ્ટોકજ ઉપર દબંગાઈ કરતા હોવાનો વિડીયો વાયરલ થયો છે. ત્યારે ખાણ-ખનિજ વિભાગના અધિકારી સામે સવાલો ઉભા થયા છે. ખાણ-ખનિજ વિભાગની ટીમ ખાનગી વાહનમાં આવીને આવી દબંગાઈ કરવા સામેલ અનેક સવાલો ઉભા થયા છે. હાલ અડાદરા ગામની રેતી સ્ટોક ઉપર ઘરેલ મામલામાં બન્ને પક્ષ દ્વારા વજેલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા વિધાનસભા બેઠકના ઉમેદવારના પ્રચાર માટે જે.પી.નડ્ડાએ ચુંટણી સભા સંબોધી આપ પાર્ટી ઉપર આકરા પ્રહાર કર્યા




તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરામાં ભાજપની જાહેર સભામાં પશ્ચિમ બંગાળના મહિલા ધારાસભ્ય નિર્ભયા દીદી પણ હાજર રહ્યા હતા. તેમને જાહેરસભાને સંબોધન કરતા આવ્યું હતું કે, પશ્ચિમબંગાળમાં મહિલાઓ સુરક્ષિત નથી. ત્યાં મહિલાઓ પર અત્યાચારો જેવા કે રેપ સહીતની ઘટનાઓ પણ બને છે અને ભ્રષ્ટાચાર પણ થાય છે. શહેરામાં કેશવ ગ્રાઉન્ડ ખાતે ભાજપના રાષ્ટ્રીય અદ્યક્ષ જે.પી.નડ્ડા ભાજપના ઉમેદવાર જેઠાભાઈ ભરવાડના પ્રચાર અર્થે આવ્યા હતા. જેમાં પશ્ચિમ બંગાળના માલદા વિધાનસભાના મહિલા ધારાસભ્ય નિર્ભયા દેવી પણ ભાજપના પ્રચાર અર્થે અહીં આવ્યા હતા. તેમને જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં મહિલાઓ સુરક્ષિત નથી. ત્યાં મહિલાઓને માર મારવા સહિત મહિલાઓને બહુજ હેરાન કરવામાં આવે છે. મારા પર પણ અનેક વખત હુમલાઓની ઘટના બની છે. હું પણ ત્યાં સુરક્ષિત નથી. ત્યાં વિકાસ થયો નથી અને મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે અને ગુજરાતમાં હું આવી તો મને ખૂબ જ શાંતિ મળી છે અને પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર આવશે તો મહિલાઓની સુરક્ષા વધી જશે તેના માટે ત્યાંના લોકો ભાજપની સરકારની રાહ દેખી રહ્યા છે.

શહેરા, શહેરામાં વિધાનસભાની ચૂંટણીને લઈને કેશવ ગ્રાઉન્ડ ખાતે ભાજપના રાષ્ટ્રીય અદ્યક્ષ જે.પી.નડ્ડાએ સભા સંબોધીને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પર પ્રહારો કર્યા હતા. જ્યારે વર્તમાન ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે કેજરીવાલન ને ખુલ્લો પડકાર ફેંકવા સાથે હિંમત હોય તો અહી આવીને ચૂંટણી લડી જુએ નંગા કરકે એ ભેજેંગે એવું રાષ્ટ્રીય અદયક્ષની ઉપસ્થિતિમાં કહ્યુ હતું.

શહેરા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર જેઠાભાઈ ભરવાડના ચૂંટણી પ્રચાર અર્થે કેશવ ગ્રાઉન્ડમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાદયક્ષ જે.પી.નડ્ડાની જાહેર સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. ભાજપના રાષ્ટ્રીય અદયક્ષનું ભાજપના ઉમેદવાર જેઠાભાઈ ભરવાડ દ્વારા તલવાર, સાફો પુષ્પગૂચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય ઉપાદયક્ષ જે.પી.નડ્ડા એ ઉપસ્થિત સૌને સંબોધતા જણાવ્યું હતું કે, હું ગુજરાતની પવિત્ર ધરતી પર આવ્યો છું. મરડેશ્વર મહાદેવને હું નમન કરૂ છું આ વીરોની ભૂમિ છે, આ એવી વીરોની ભૂમિ છે. જેનું સામાજિક ધાર્મિક અને રાજકીય યોગદાન ભૂલી શકાય તેમ નથી. આઝાદીની લડતમાં ગાંધીજી અને સરદાર પટેલનું યોગદાન ભૂલી શકાય તેમ નથી. વિકાસને આગળ વધારવાનું કામ નરેન્દ્ર મોદી કરી રહ્યા છે. ગુજરાત મોડેલની સમગ્ર દેશમાં ચર્ચા થાય છે. કોંગ્રેસ પર પ્રહાર કરતાં તેમને જણાવ્યું કે, કોંગ્રેસે સરદાર નું ક્યારેય સન્માન કર્યું નથી.આમ આદમી પાર્ટીની અહી હાર થવાની હોવા સાથે આકરા પ્રહારો કર્યા હતા.


ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ એ રાષ્ટ્રીય ઉપાદયક્ષ જે.પી.નડ્ડાની ઉપસ્થિતિમાં જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના કેજરીવાલ કો નંગા કરકે ભેજેંગે અને ભાજપની જીત થવા સાથે ૧,૦૦,૦૦૦ કરતા વધુ મતોથી જીતીશું સાથે તેમને કાર્યકરોને પ્રચાર અર્થે લાગી જવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમા જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, જિલ્લા ઉપપ્રમુખ જીગ્નેશભાઈ પાઠક, પંચાયત પ્રમુખ કામનીબેન સોલંકી, જિલ્લા પંચાયત સદસ્ય ભારતીબેન પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય ડો. કિરણસિંહ બારીયા, ભાજપ અગ્રણી રયજીભાઈ પરમાર, જિલ્લા પંચાયત કારોબારી અદયક્ષ દુધાભાઈ, તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, જિલ્લા પંચાયત ન્યાય સમિતિ ચેરમેન મણીબેન રાઠોડ, પશ્ચિમ બંગાળ અને મધ્યપ્રદેશના ધારાસભ્ય સહિત ભાજપ અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## મોરવા(હ) વિધાનસભા બેઠકના ઉમેદવારના પ્રચાર મુખ્યમંત્રી દ્વારા કરાયો આપ અને કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા



ગોધરા, મોરવા હડફ ખાતે વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપના ઉમેદવાર નિમિષાબેન સુથારના પ્રચાર અર્થે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આવ્યા હતા. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ભાજપના વર્તમાન ધારાસભ્ય નિમિષાબેન સુથાર એ બુકે અને ગણપતિજીની મૂર્તિ આપીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે ભાજપના અગ્રણીઓ દ્વારા પણ ભુપેન્દ્રભાઈ પટેલનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જન સભાને સંબોધતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વિકાસના કામો તેમજ રાજય સરકાર યોજનાઓ ની માહિતી આપવા સાથે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પર પ્રહારો કર્યા હતા. આ જાહેર સભામાં આ વિધાનસભામાં વિસ્તાર માંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી આવવા સાથે ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## જનરલ ઓબ્ઝર્વરએ ગોધરા કલેકટર કચેરી ખાતે કાર્યરત MCMC, EMMC તથા ચૂંટણી શાખામાં સ્થાપિત ચૂંટણી કંટ્રોલ રૂમની મુલાકાત લઈને જરૂરી સૂચનો કર્યા



ગોધરા, વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે ભારતના ચૂંટણી પંચ દ્વારા પંચમહાલ જિલ્લામાં નિમાયેલા જનરલ ઓબ્ઝર્વર દેબાજ્યોતિ દત્તાએ ગોધરા કલેકટર કચેરી ખાતે કાર્યરત MCMC, EMMC ઈલેક્ટ્રોનિક મીડિયા મોનિટરીંગ સેન્ટર તથા ગોધરા ચૂંટણી શાખામાં સ્થાપિત ચૂંટણી કંટ્રોલ રૂમની મુલાકાત લઈને આ કમિટીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સોશિયલ મીડિયા મોનિટરિંગ અંગે પણ ચર્ચા કરી હતી.આ સાથે તેમણે કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે પૂછપરછ કરી જરૂરી સલાહ સૂચનો કર્યા હતા.

ગોધરા ચૂંટણી શાખા ખાતે ચૂંટણી કંટ્રોલરૂમ ઊભો કરવામાં આવ્યો છે. જેમાં ચૂંટણીલક્ષી કોઈ ફરિયાદ હોય તો નાગરિકો દ્વારા હેલ્પ લાઈન નંબર ૧૯૫૦ પર જાણ કરાય છે તથા તે ફરિયાદનો ૧૦૦ મિનિટમાં નિકાલ કરવામાં આવે છે.

આ મુલાકાત પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તા, નાયબ માહિતી નિયામક પારુલ મણિયાર સહિત નોડલ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારના પ્રચાર માટે વિનોદ તાવડેજી એ જનસભા સંબોધી




ગોધરા, ગોધરા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારના પ્રચાર માટે સ્ટાર પ્રચારક વિનોદ તાવડેજી દ્વારા ગોધરા બાવાની મઢી ખાતે જનસભા સંબોધીને કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરી ભાજપના ઉમેદવાર માટે મત માંગવામાં આવ્યા.

ગોધરા વિધાનસભા બેઠકના ઉમેદવાર સી.કે.રાઉલજીના પ્રચાર માટે સ્ટાર પ્રચારક વિનોદ તાવડેજી ગોધરા બાવાની મઢી ખાતે પ્રચાર અર્થે પહોંચ્યા હતા. વિનોદ તાવડેજી એ ગોધરા બેઠકના ભાજપના ઉમેદવારને મત આપવા આહ્વાન કર્યું હતું. જનસભા સંબોધનમાં કોંગ્રેસ અને આપ પાર્ટી ઉપર આકરા પ્રહાર કર્યા હતા.

## પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી અને જનરલ ઓબ્ઝર્વરઓની ઉપસ્થિતિમાં દ્વિતીય સ્ટાફ રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરાઈ



ગોધરા, જિલ્લા ચૂંટણી અધિકારી સુજલ મયાત્રા અને પંચમહાલ જિલ્લાના પાંચ વિધાનસભા મતવિસ્તારના જનરલ ઓબ્ઝર્વરઓની ઉપસ્થિતિમાં આજરોજ કલેકટર કચેરી ગોધરા ખાતે દ્વિતીય સ્ટાફ રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. દ્વિતીય સ્ટાફ રેન્ડમાઈઝેશન દ્વારા પ્રિસાઈડિંગ ઓફિસર અને પોલિંગ ઓફિસરના વિધાનસભા વિભાગ નક્કી કરવામાં આવ્યા છે. આ પ્રક્રિયામાં જનરલ ઓબ્ઝર્વર ડો.કે.વાસુકી, શક્તિસિંહ રાઠોર, દેબાજ્યોતિ દત્તા, અધિક જિલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તા સહિત નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા-વડોદરા હાઈવે વેજલપુર પાસે બે બાઈકોને ટ્રક ચાલક અડફેટમાં લેતા એક યુવાનનું ઘટના સ્થળે મોત




ગોધરા, ગોધરા-વડોદરા હાઈવે માર્ગ ઉપર વેજલપુર પેટ્રોલ પંપ પાસે વેજલપુર થી કાલોલ તરફ જતા બે બાઈક ચાલકોને ટ્રક ચાલકે અડફેટમાં લેતા એક બાઈક સવારનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. જ્યારે બીજા બાઈક સવારને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા-વડોદરા હાઈવે માર્ગ ઉપર વેજલપુર ગામે પેટ્રોલ પંપ પાસેથી પસાર થતી બે મોટર સાયકલ નંબર જીજે.૧૭.સીવી.૮૪૩૮ અને જીજે.૧૭.બીઈ.૧૫૬૬ ને ટ્રક ચાલકે અડફેટમાં લીધા હતા. ટ્રકની અડફેટમાં આવેલ એક બાઈક સવારનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજાવા પામ્યું.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
જય સંતોષી માં મહિલા સ્વ. સહાય જુથ
કૈલાશબેન
તરફથી અભીનંદન....
મુ. બાસ્કા,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એલ. બી. પરમાર
તરફથી અભીનંદન....
મુ. નવાગામ બાંધેલી,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એસ. પી. રાઠોડ
તરફથી અભીનંદન....
મુ. ઘોળીકુઈ,
તા. હાલોલ,
જી. પંચમહાલ